# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-05 -2025          Day: Sunday          Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અમિત શાહ:

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનો નવસંચાર કરીને દેશમાં સહકારી માળખાને મજબૂત કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે. અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધતા શ્રી શાહે બંધ થયેલી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનાં આર્થિક પુનરુત્થાનને ધ્યાનમાં રાખીને નવી નીતિની યોજનાઓની જાહેરાત કરી હતી. તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા પણ રજૂ કરી હતી.

સહકારી મંડળીઓમાં સહકારના સિદ્ધાંત પર સરકારના ધ્યાન પર પ્રકાશ પાડતા શ્રી શાહે જણાવ્યું કે આ પહેલથી સહકારી થાપણોમાં 11,000 કરોડ રૂપિયાનો વધારો થયો છે.

આ કાર્યક્રમમાં રાજ્યની 800 સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 4 હજારથી વધુ સહકારી અગ્રણીઓએ ભાગ લીધો હતો.

-----------------------------------------------------------------------------------

## નલીયા સુધી ટ્રેન સેવા:

અબડાસા તાલુકાના નલિયા સુધી મુસાફર ટ્રેનની સેવા શરૂ થવાની તૈયારીઓ પૂર્ણતાના આરે છે તેવું જાણવા મળ્યું છે.

આગામી બુધવારે મુંબઈ રેલવે વિભાગના ઉચ્ચ અધિકારી રંજન શ્રીવાસ્તવ અને તેમની ટીમ નલિયા રેલવે ટ્રેકનું નિરીક્ષણ કરશે. સવારે 9 વાગ્યે નલિયા તરફ રવાના થનારી ટ્રેન

બપોરે 1થી 1.30 વાગ્યા સુધીમાં ટ્રાયલ પૂર્ણ કરશે. વચ્ચેના તમામ સ્ટેશનો પર ટ્રેન રોકાણ કરશે.

ઉલ્લેખનીય છે કે, ભુજ-નલિયા વચ્ચેના 101 કિલોમીટર લાંબા રેલવે ટ્રેક પર ઇલેક્ટ્રિફિકેશનનું કામ ફેબ્રુઆરી માસમાં પૂર્ણ થયું હતું. પશ્ચિમ રેલવેના સૂત્રોના જણાવ્યા મુજબ, ટ્રેકના વિદ્યુતીકરણનો વિસ્તૃત અહેવાલ મુંબઈની ચર્ચગેટ સ્થિત રેલવે વડી કચેરીને ગત માર્ચ માસમાંજ મોકલી દેવામાં આવ્યો હતો. હવે આ માટેની ટ્રાયલ સફળ રહેશે તો આગામી ટુંક સમયમાં જ નિયમિત મુસાફર ટ્રેન સેવા શરૂ થઈ શકે છે.

ગત વર્ષે આ રૂટ પર માલગાડી સેવા શરૂ થઈ હતી, જે બાદમાં વિદ્યુત સંચાલિત થઇ હતી.

---

## નાણાકીય વ્યવહારો-:

કચ્છની બેન્કોમાં દર વર્ષે અબજોની સંખ્યામાં નાણાકીય વ્યવહારો થતા હોય છે. જિલ્લાની 431 બેન્ક શાખાઓમાં નાણાકીય વર્ષ 2024-25 દરમ્યાન 606 અબજ થાપણ પેટે જમા થયા છે, જેની સામે અડધાથી વધુ 335 અબજનું ધીરાણ અપાયું છે. જિલ્લાના 10 તાલુકામાંથી થાપણમાં ભુજ તાલુકો અને ધીરાણમાં ગાંધીધામ પ્રથમ સ્થાને છે, જયારે થાપણ-ધીરાણ બંનેમાં લખપત તાલુકો સૌથી નીચે છે.

ગ્રામ્ય વિસ્તારની બેન્કોમાં 13,991 કરોડ, અર્ધ શહેરી વિસ્તારની બેન્કોમાં 14,171 કરોડ અને શહેરી વિસ્તારની બેન્કોમાં 32,480 કરોડની રકમ જમા થઇ છે. તે જ રીતે 6,92,944 ખાતેદારોને કુલ 335 અબજનું ધીરાણ પણ અપાયું છે. આ રીતે કચ્છનો થાપણ-ધીરાણ રેશિયો 55.26ટકાએ પહોંચ્યો છે.

બીજી બાજુ, ધંધાર્થે વિદેશોમાં સ્થાયી થયેલા કચ્છીઓએ વિદેશી હુંડિયામણ કચ્છની બેન્કોમાં ઠાલવતાં હિસાબી વર્ષ 2024-25માં થાપણ પેટે 16,979 કરોડની માતબર રકમ જમા થઇ હતી.

---

## સ્નાતક અભ્યાસક્રમો:

**સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે GCASમાં ફોર્મ ભરવાની મુદત આગામી ૨૧ મે સુધી લંબાવાઈ છે. ધોરણ 12 નું પરિણામ જાહેર થયા પછી કોલેજોમાં સ્નાતક કોર્સમાં પ્રવેશ લેવા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ- જીકાસ પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી. જોકે, ઘણા વિદ્યાર્થીઓ હજી ફોર્મ ભરી શક્યા નથી અને મોટાભાગની બેઠકો હજુ ભરાઈ નથી ત્યારે સરકાર દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં ત્રણ દિવસનો વધારો કરવામાં આવ્યો છે.**

**કચ્છની વાત કરીએ તો  કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે ધોરણ 12 માં કુલ 10,770 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા જેની સામે 9 દિવસમાં માત્ર 3759 ફોર્મ ભરાયા છે. પ્રવેશ પ્રક્રિયા માટેના લંબાવેલા શિડ્યુલ મુજબ હવે 21મી મે સુધી સ્નાતક કોર્સમાં પ્રવેશ માટે ઓનલાઇન ફોર્મ ભરી શકાશે તેમજ 23 તારીખ સુધી અસલ પ્રમાણપત્રો સાથે કોલેજમાં વેરિફિકેશન કરાવી શકાશે. જીકાસ પોર્ટલ પર ફોર્મ ભરવા કચ્છની તમામ કોલેજ તેમજ યુનિવર્સિટીના અલગ અલગ ભવનોમાં હેલ્પ ડેસ્ક કાર્યરત કરવામાં આવ્યા છે.**

---

## આંતરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ:

આજે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષની થીમ છે 'ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઇન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ' એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં મ્યુઝિયમનું ભવિષ્ય.

કચ્છની વાત કરીએ તો રાજ્યનું સૌથી જૂનું સંગ્રહાલય કચ્છ મ્યુઝિયમ ભુજમાં  છે, તો કચ્છમાં છેલ્લા 2 દાયકામાં કેટલાક વિશિષ્ટ અને પ્રખ્યાત મ્યુઝિયમ બનાવવામાં આવેલા છે. જેની દર વર્ષે લાખો પ્રવાસીઓ મુલાકાત લે છે.

વર્ષ 2001માં આવેલા ભૂકંપ દરમિયાન જીવ ગુમાવનારા નાગરિકોની સ્મૃતિમાં ભુજ ખાતે સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. 470 એકર વિસ્તારમાં ફેલાયેલા સ્મૃતિવનમાં વિશાળ મિયાવાકી જંગલ આવેલું છે. તેમજ 50 ચેકડેમ છે અને શ્રદ્ધાંજલિ તરીકે

કુલ 12,932 પીડિત નાગરિકોના નામની તકતી ચેકડેમની દીવાલો પર મૂકવામાં આવી છે. અહીં 2001માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં ધ્રૂજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી ભૂકંપની પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા સ્મૃતિવનને વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

જયારે, માંડવીમાં જન્મેલા ક્રાંતિકારી શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિકળશ જિનિવાથી સ્વદેશ લાવ્યા બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માંડવી ખાતે વર્ષ 2010માં શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું હતું.

-----------------------------------------------------------------------------------------------